
# પ્રજ્ઞા

# ગુજરાતી સ્વઅધ્યયનપોથી

ક → ક્કો
ધ → ક્કો



# ધોરણ ૨



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

____________________


શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

## પ્રેરણા

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**શ્રી પ્રકાશભાઈ ત્રિવેદી**
સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

## માર્ગદર્શન

**ડૉ. હરેશ ચૌધરી**
અભ્યાસક્રમ કો-ઓર્ડિનેટર,
રીચ ટુ ટીચ
જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**
નિવૃત્ત અધ્યક્ષ
શિક્ષણ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર

**દિનેશકુમાર દેસાઈ**
મદદનીશ શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ કોર્પોરેશન

## લેખન-સંપાદન

**પરેશભાઈ દલસાણિયા**
**પ્રકાશભાઈ ભટ્ટી**
**મહેન્દ્રભાઈ મકવાણા**
**નટવરસિંહ પરમાર**
**ડૉ. કેતનભાઈ વ્યાસ**
**મમતાબેન શર્મા**
**પલ્લવીબેન પટેલ**
**યાહ્યા સપાટવાલા**
**પીયૂષભાઈ સુથાર**

**ધર્મેશભાઈ રામાનુજ**
**રમેશભાઈ દેસાઈ**
**હરજીભાઈ પ્રજાપતિ**
**પરેશભાઈ ચૌહાણ**
**નીતાબેન ઉપાધ્યાય**
**હર્ષવી પટેલ**
**સુરિલભાઈ શાહ**
**ઉમાકાંત રાજ્યગુરૂ**








**રાકેશકુમાર પટેલ**
**કલ્પેશભાઈ પટેલ**
**જયેશભાઈ પટેલ**
**ડૉ. ભાવેશભાઈ પંડયા**
**ડૉ. ભીખુભાઈ વેગડા**
**ગૌરાંગભાઈ દવે**
**મધુસુદન ઠક્કર**
**સુચિતકુમાર પ્રજાપતિ**
**અનિલકુમાર ઉપાધ્યાય**

## : સહયોગ:

**લેંગ્વેજ એન્ડ લર્નીંગ ફાઉન્ડેશન | અક્ષરા ફાઉન્ડેશન | રીચ ટુ ટીચ | સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| એકમ - ૯ | ૦૨ |
| એકમ - ૧૦ | ૦૯ |
| એકમ - ૧૧ | ૨૨ |
| એકમ - ૧૨ | ૩૯ |
| એકમ - ૧૩ | ૫૦ |
| એકમ - ૧૪ | ૫૬ |
| એકમ - ૧૫ | ૬૯ |
| એકમ - ૧૬ | ૭૯ |
| એકમ - ૧૭ | ૮૫ |
| એકમ - ૧૮ | ૯૮ |
| એકમ - ૧૯ | ૧૧૦ |
| વાચન મહાવરો | ૧૨૬ |
| લેખન મહાવરો | ૧૨૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
|  પિ → | ચ | .................. | રી | |  કે → | .................. |
| | |  કા → | ત | .................. | | |
|  ↓ રે | | | |  કા → | .................. | લું |
| .................. | |  મો → | .................. | રો | | |
| ગા | | | |  કૂ → | .................. | રો |
| ડી | |  ખુ → | .................. | શી | | |
| | આં  → | .................. | | → નિ  | .................. | ળ |



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૯



● વાંચો અને લખો.

ધજા -

ફરકડી -

મરચું -

ઘડવૈયા-

ગરગડી -

કિનારો-

જમરૂખ -

વહાણ -

વરસાદ -

એકાવન -

ગુજરાતી -

ભાદરવો -



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૯



## શબ્દો શોધો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક | મ | ળ | વાં | મ | જી | બા |
| ત | પે | લી | દ | દા | વ | જ |
| વા | ટ | કો | રો | રી | ન | રી |
| દ | પા | ઓ | ટ | લો | હા | થ |
| ળ | લા | રો | લો | ટ | દાં | ત |

## લખો.

કમળ

## લખો.

ક → ા = કા → િ = કિ

હ → ા = → િ =

સ → ા = → િ =

ત → ા = → િ =

પ → ા = → િ =

## લખો.

વાદળ

કિરણ

ટપાલ

દરિયો

મહિનો



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૯

૫






પગરખાં

માટલું


શંખ

કૂવો

મરચું









---




= અજગર

 = ________

 = ________

 = ________

 = ________



શિક્ષકની સહી..........., તા..........

## શબ્દો લખો

ક‍ા : કાજલ

શં : શંકર


જી : જીરું


રે : રેતી

દા : દાન

વિ : વિશાલ

## રંગ પૂરો.





સૂચન :

# વરસાદ વરસે

વરસાદ વરસે સર સર સર

સાવન ગાજે ગર ગર ગર

વાજાં વાગે ધન ધન ધન

સાવજ ગરજે જર જર જર

# કીડી અને કાબર

વરસાદ વરસે છે. પાણીમાં એક કીડી તણાઈ. કાબરે કીડીને જોઈ. કાબર કીડીને એક પાન આપે છે. કીડી પાન પર બેસે છે. કાબર કીડીને બચાવે છે.

## જૂલી અને વાંદરો

નદી કિનારે કેરીનું ઝાડ છે. જૂલીને કેરી ખાવી છે. જૂલી હાથ ઊંચો કરે છે. પણ કેરી તો ખૂબ ઊંચે છે. જૂલી કૂદકો મારે છે. પણ કેરી તો ખૂબ ઊંચે છે. ઝાડ પર વાંદરો છે. જૂલી વાંદરાને પથરો મારે છે. વાંદરો જૂલીને કેરી મારે છે. જૂલી ખૂબ ખુશ થાય છે.

## શિયાળો

શિયાળો આવે.
ટાઢ લાવે.
છોકરા થર થર થાય.
છોકરીઓ થર થર થાય.
ઓ... ટીચર પણ થર થર થાય.
બળતણ લાવ.
બળતણનો ઢગલો કર.
તાપણું કર.
શિયાળો આવે.
બોર લાવે.
બોર બધાંને ભાવે.
શિયાળો જામફળ પણ લાવે.

## એકમ-૧૦




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જ્ઞ | ત્રિ | શૂ | ળ | ખ | ળ | ઘ |
| ષ | ત્ર | જ્ઞ | ત્રિ | રં | ગો | ચ |
| ઘ | મૂ | જ્ઞ | પ | બ | ભ | ક |
| ન | ષ | ત્રા | જ | વું | ફ | પ |
| બ | ક | ભ | ફ | ળ | પુ | ચ |
| દ | ર | ય | જ્ઞ | સ | ત્ર | વ |
| સ | ચિ | ત્ર | શ | ત્ર | ણ | ળ |

- ત્રિરંગો
- ત્રાજવું
- યજ્ઞ
- સચિત્ર
- મૂષક
- ત્રણ




શિક્ષકની સહી..........., તા.........


## રંગ પૂરો.




પપૈયું



કેરી




દાડમ





કેળું



શિક્ષકની સહી.........., તા.........






શિક્ષકની સહી.........., તા.........

૧૧

ષ

ત્ર

જ્ઞ



શિક્ષકની સહી.........., તા.........

૧૧

| | | | |
|---|---|---|---|
| ષટ્કોણ | | | |
| ત્રાજવું | | | |
| યજ્ઞ | | | |
| ત્રણ | | | |
| જ્ઞાન | | | |
| આશિષ | | | |
| પ્રજ્ઞા | | | |
| નેત્ર | | | |
| અનિમેષ | | | |
| ઔષધ | | | |
| ત્રિકોણ | | | |




શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૦

૧૩

## ચિત્રના આધારે વાક્યો લખો.






શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૦

**૧૪**






| | | | |
|---|---|---|---|
| ત્રિ શૂ ળ | ☐ ☐ ☐ | ☐ ☐ ☐ ☐ | ☐ ☐ |
| ત્ર | ત્ર | ષ | યૂ |
| ત્રિ | ત્રી | ષૂ | ય |
| ત્રૂ | ત્રા | ટ | યિ |
| શૂ | ક | ટ્ | ટ |
| શ | જ | કો | ત્ર |
| સૂ | જૂ | ષિ | જ્ઞ |
| ળ | લ | ણ | જ્ઞી |
| બ | વું | ણિ | ળ |



શિક્ષકની સહી.........., તા.........

## ◉ વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| આજ્ઞા | | | |
| મિત્ર | | | |
| જ્ઞાન | | | |
| પોષ | | | |
| ત્રિદેવ | | | |
| યજ્ઞેશ | | | |
| સત્ર | | | |
| પત્ર | | | |
| જ્ઞાતિ | | | |



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૦

૧૫

- ચિત્ર ઓળખી નામ સાથે જોડો.



ષટ્કોણ એક આકાર છે.



ત્રિશૂળ અણીદાર હોય છે.



યજ્ઞમાં હોમ થાય છે.



ત્રાજવું બરાબર તોલે છે.

- મૂળાક્ષરોના ઉપયોગથી બનતા શબ્દો વાંચો.

જ્ઞા + તા = જ્ઞાતા

છ + ત્રી = છત્રી

પુ + ત્ર = પુત્ર

ઉ + ષા = ઉષા

ત્રા + જ + વું = ત્રાજવું

વિ + શે + ષ = વિશેષ

વિ + જ્ઞા + ન = વિજ્ઞાન

ષ : ષટ્કોણ, વિષાદ, નિષાદ, મૂષક

જ્ઞ : જ્ઞાની, જ્ઞાન, વિજ્ઞાન, યજ્ઞ

ત્ર : નેત્ર, ચૈત્ર, સત્ર, મિત્ર, વાત્રક

---

| વિચિત્ર | વિદૂષક | જ્ઞાતા |
| --- | --- | --- |
| જ્ઞ | ત્ર | ષ |

---

| | ા | િ | ી | ુ | ૂ | ે | ૈ | ો | ૌ | ં |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ષ | ષા | ષિ | ષી | | | | | | | |
| જ્ઞ | | | | | | | | | | |
| ત્ર | | | | | | | | | | |



શિક્ષકની સહી.........., તા.........

१५

- કોઈપણ દસ પ્રાણીઓનાં નામ લખો.

- ઉપર લખેલ પ્રાણીઓને પાલતુ અને જંગલી પ્રાણીઓમાં વર્ગીકરણ કરો.

| પાલતુ પ્રાણી | જંગલી પ્રાણી |
| --- | --- |

સૂચન :

# વાંદરાની પાસે ચશ્માં

## ભાગ-૧

એક વાંદરો ખાવાનું શોધવા ઘર પર ચઢ્યો. તેણે ચશ્માં જોયાં. વાંદરાએ તે પહેરી લીધાં. હવે વાંદરાને બધું ઊંધું દેખાતું હતું. આકાશ નીચે ને જમીન ઉપર. વાંદરાને તો વાદળ નીચે દેખાતાં હતાં.

## ભાગ-૨

વાદળ નીચે જોઈ તે ખુશ થઈ ગયો. તે છત પરથી વાદળ પકડવા નીચે કૂદ્યો.

વાંદરો પડ્યો ધડાક. ચશ્માં તૂટ્યાં તડાક.

વાંદરાને હવે ન દેખાય વાદળ, ને ન દેખાય આકાશ. એને તો આંખે તારા દેખાવા માંડ્યા. અને તે પણ દિવસે !

**વાંચો:**

**સમૂહકાર્ય - ૨**

## દોઢ ફૂટની દાઢી

દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી
ગધ્ધા ઉપર બેસે ડોસો, માથે મૂકી પોટલી
ઠસ્સ ઠસ્સ જાય ફસ્સ ફસ્સ થાય
ચોટલીના ઝૂલામાં બેસી,
પંખી ગીતો ગાય !
ચોટલી ઊડે ફર્ર્ર ફર્ર
દાઢી ઊડે સર્ર્ર સર્ર
ગધ્ધાની પૂંછડી લાંબી લસ્સ
ટાઢે ધ્રૂજે થર્ર્ર ઠસ્સ !

## ગામમાં એક તળાવ

અમારા ગામમાં એક તળાવ છે. તળાવમાં ચાર કાચબા છે.
તળાવમાં બે બતક છે.
પાણીમાં ગુલાબી કમળ છે. પાણીમાં માછલી પણ છે.
માછલી પાણીમાં આમતેમ તરે. અમે એમને મમરા નાખીએ.
તળાવમાં દેડકાં પણ છે. દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરે.
તળાવ પાસે ઘણાં ઝાડ છે. લીમડાનું ઝાડ છે. વડનું ઝાડ છે.
જાંબુનું ઝાડ છે. ઝાડ પર ચડવાની મજા પડે. જાંબુ ખાવાની મજા પડે.

એકમ-૧૧

૫

| | | | | |
|---|---|---|---|---|
| ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ |
| | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ |
| શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર |
| | શ્ર | શ્ર | શ્ર | શ્ર |
| ઋ | ઋ | ઋ | ઋ | ઋ |
| | ઋ | ઋ | ઋ | ઋ |
| ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| | ૩ | ૩ | ૩ | ૩ |
| ઋષિ | ઋષિ | | | |
| ક્ષમા | ક્ષમા | | | |



શિક્ષકની સહી.........., તા.........

५

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ |
| | ક્ષ | | | | | | | | | |
| શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર | શ્ર |
| | શ્ર | | | | | | | | | |
| ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ | ઋ |
| | ઋ | | | | | | | | | |
| રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ | રૂ |
| | રૂ | | | | | | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| રૂપાળા | રૂપાળા | | | |
| શ્રવણ | શ્રવણ | | | |
| નક્ષત્ર | નક્ષત્ર | | | |
| શ્રીમાન | શ્રીમાન | | | |



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૧

૬

ક્ષ : ક્ષણ, રાક્ષસ, મોક્ષ

શ્ર : શ્રમ, આશ્રમ, શ્રમિક

ઋ : ઋણ, ઋતુ, ઋષભ

રૂ : રૂપિયો, રૂઠવું, મશરૂમ











ઋષિ યજ્ઞ કરે છે.

ઋષભ ઘાસ ખાય છે.

રૂમાલથી હાથ લૂછો.

શ્રમિક શ્રમ કરે છે.

શ્રવણ સેવા કરે છે.



શિક્ષકની સહી.........., તા.........

૬

## ૩. વાંચો અને લખો.

૧. ઋષભ વાંચે છે.

૨. આ ઋગ્વેદ છે.

૩. ઋષિ યજ્ઞ કરે છે.

૪. શ્રવણ કાવડ લઈને ગયો.

૫. પાણીમાં ક્ષાર હોય છે.

૬. ક્ષય એક રોગ છે.

૭. આ રૂમ સારો છે.

## ૪. લખો.

૧. રૂમાલ વાપરો.

૨. દક્ષિણ દિશા છે.

૩. શ્રમ કરવો.

૪. ઋતુ બદલાય છે.

૫. હંમેશાં ક્ષમા આપો.



શિક્ષકની સહી.........., તા.........


## એકમ-૧૧

૭


◉ રંગ પૂરો.




ભીંડો



રીંગણ



બટાટા



મૂળો



શિક્ષકની સહી.........., તા.........

# મારાં જીવજંતુ



શિક્ષકની સહી.........., તા.........

## ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

- મૂળાક્ષરોના ઉપયોગથી બનતા શબ્દો વાંચો.

ઋ + ષિ → ઋષિ

પ + ક્ષી → પક્ષી

રૂ + પ → રૂપ

ક્ષે + ત્ર → ક્ષેત્ર

શ્રી + મા + ન → શ્રીમાન


રૂ + પા + ળું → રૂપાળું


શ્રા + વ + ણ → શ્રાવણ


રૂ + મા + લ → રૂમાલ




શિક્ષકની સહી.........., તા.........






શિક્ષકની સહી.........., તા.........

૧૦

# વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| શ્રમિક | | | |
| ઋષભ | | | |
| રૂપિયો | | | |
| કૌશલ | | | |
| અક્ષય | | | |
| ઋતુ | | | |
| શ્રાવણ | | | |
| મશરૂમ | | | |
| આશ્રમ | | | |
| દક્ષિણ | | | |
| પૌત્ર | | | |



શિક્ષકની સહી.........., તા.........



સૂરજ ક્ષિતિજ પર છે.




ઋષભ તોફાન કરે છે.



ઋષિએ માળા પહેરી છે.



શ્રવણ યાત્રાએ જાય છે.



શ્રમિક કામ કરે છે.



ત્રણ રૂમાલ છે.



શિક્ષકની સહી.........., તા.........

- ◯ કરો.

ક્ષ : ક્ષમા, ક્ષેત્ર, ક્ષાર, ક્ષોભ

શ્ર : શ્રમ, શ્રેય, શ્રોતા, શ્રીમાન

ઋ : ઋચા, ઋણ, ઋતુ, ઋગ્વેદ

રૂ : રૂપ, રૂબરૂ, રૂપાળું, રૂઠવું

- ચિત્ર જોઈ શબ્દ લખો.







- શબ્દ પરથી વાક્ય બનાવી લખો.

| | |
|---|---|
| રૂપાળું | |
| આશ્રમ | |
| ઋતુ | |



શિક્ષકની સહી.........., તા..........

- ગાય, કીડી, સાપ, કાગડો, કૂતરો, વીંછી, બિલાડી, મોર, પતંગિયું, મંકોડો, સિંહ, ચકલી, ભેંસ, કબૂતર, પોપટ

| જીવ-જંતુ | પક્ષી | પશુ |
| --- | --- | --- |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



શિક્ષકની સહી.........., તા.........

## વિભાગીય પુનરાવર્તન કસોટી

### ◉ જોઈ શબ્દ લખો.








### ◉ નીચેનાં વાક્યો લખો.

૧) ત્રાજવાથી વસ્તુ તોલી શકાય છે.

૨) વર્ષાઋતુમાં વરસાદ પડે છે.

૩) યજ્ઞવિધિ વખતે મંત્રો બોલાય છે.

૪) ષટ્કોણને છ ખૂણા હોય છે.

૫) રૂપિયો ભારતનું ચલણ છે.



શિક્ષકની સહી.........., તા.........

## વિભાગીય પુનરાવર્તન કસોટી

**૧૨**

◉ શબ્દ પૂરો કરો. (ક્ષ, ષ, શ્ર, ઋ, ત્રિ)

૧) ☐ રંગો　　૨) ☐ત્રિય　　૩) ☐વણ

૪) ☐ ષિ　　૫) ☐ ટ્કોણ　　૬) અ☐ ર

◉ અનુલેખન.

**મનીષને અચાનક યાદ આવ્યું. નિશાળમાં આજે જુદા-જુદા આકારો વિશે ભણાવેલું. મંદિરની ધજા જોઈને એ બોલી ઊઠ્યો. અરે ! આનો આકાર તો ત્રિકોણ છે.**

◉ સાચા જવાબ પર ખરાની (✓) નિશાની કરો.

**૧. ચાર છોકરીઓ ઢીંગલી વડે.............**

(અ) રમ્યાં હતાં.　　(ક) રમી રહી છે.

(બ) રમી છે.　　(ડ) રમેલાં હતાં.

**૨. મુમતાઝને ચોકલેટ.......... ગમે છે.**

(અ) ખાય છે　　(ક) ખાધી

(બ) ખાવી　　(ડ) ખાશે

**સૂચન :**

વાંચો:

સમૂહકાર્ય - ૨

## દરિયો

મારા મામાના ગામ પાસે દરિયો છે, દરિયો એટલે પાણી જ પાણી. દૂર દૂર સુધી પાણી. એમાં હોડી તરે. જહાજ તરે. દરિયામાં મોજાં આવે. મોટાં મોટાં મોજાં. દરિયામાં નાહવાની મજા. છીપલાં વીણવાની મજા. ભીની રેતીમાં પગલાં પાડવાની મજા. રાતે દીવાદાંડી અને જહાજ જોવાની મજા. કિનારે સરસ નારિયેળી હોય. પવન વાતાં એ આમતેમ ડોલે. લીલા નારિયેળનું મીઠું મીઠું પાણી, દરિયાનું તો ખારું ખારું પાણી.

## ગીત ગાઓ

એન ઘેન દીવા ઘેન
આભમાં ઊડે સુપરમૅન
સાથે રમતાં નિકી નરેન
બક અપ કરો ઢેન ટેડેન... !
લઈને દફતર પાટીપેન
સ્કૂલે આવ્યો સ્પાઈડરમૅન
ભણવા બેઠો છાપરે
છોકરાં બોલ્યાં "બાપ રે..."
પીને આખું દૂધનું કેન
ઝાડ પર ચડ્યો ફેટમૅન
ઝાડ તૂટ્યું ટરરર...ટા
હસો છોકરાં હા.. હા.. હા.. !

## તોફાની હાથી

એક હતો તોફાની હાથી. એના હતા ચારપાંચ સાથી. જંગલમાં એ ફરતા રહે. ફાવે તેમ ડાળીઓ તોડે. તાકાત એમની એટલી બધી, કોઈ ન રોકે એમને કદી. પંખીના તો માળા પડે, ઈંડાં એમનાં ભાંગી પડે. બધાં પંખી ભેગાં થયાં, હાથી સામે દોડી ગયાં. વાત જાણે આમ બની. સૌએ તેને ચાંચ મારી. આથી હાથી ગભરાયો. જંગલ છોડી ભાગી ગયો. પંખી બધાં રાજી થયાં.

## કીડી

એક કીડી ફરીને આવી રહી હતી. રસ્તામાં તેને એક લાડવો મળ્યો. લાડવો ખૂબ મોટો હતો. લાડવો જોઈ કીડી ખુશ થઈ ગઈ. તે જ સમયે એક વાંદરો આવ્યો. કીડીઓને લાગ્યું. હવે વાંદરો લાડવો લઈ લેશે. બધી કીડીઓ લાડવા પર ચઢી ગઈ. લાડવો ઢંકાઈ ગયો અને વાંદરાને તે ના દેખાયો. તેના ગયા પછી કીડીઓ લાડવાને ગબડાવી ઘરે લઈ ગઈ. તે ઘણા દિવસો સુધી ખાતી રહી.

## એકમ-૧૨


3



૧. આ ફુગ્ગા છે.

૨. તે રંગબેરંગી છે.

૩. ફુગ્ગા મને ગમે છે.



૧. 

૨. 

૩. 



૧. 

૨. 

૩. 



શિક્ષકની સહી.........., તા.........

3



૧. 


૨. 

૩. 

૧. 

૨. 

૩. 





૧. 

૨. 

૩. 



શિક્ષકની સહી.........., તા.........

૫

## વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| કચ્ચર ____ | ખચ્ચર ____ | જબ્બર ____ |
| ગબ્બર ____ | ગમ્મત ____ | લખ્ખણ ____ |
| દખ્ખણ ____ | થપ્પી ____ | રસ્સી ____ |
| ઝભ્ભો ____ | મુલ્લા ____ | રસગુલ્લાં ____ |
| બચ્ચું ____ | ડબ્બો ____ | લસ્સી ____ |
| ખિસ્સું ____ | મમ્મી ____ | પપ્પા ____ |
| મુન્ની ____ | ચુન્ની ____ | ગપ્પાં ____ |
| જપ્પી ____ | પન્ના ____ | મુન્ના ____ |



શિક્ષકની સહી.........., તા.........

૭

## ૧. વાક્ય બનાવી લખો.

૧. ડબ્બો

૨. ઝભ્ભો

૩. મુન્ની

૪. થપ્પી

૫. રસગુલ્લાં

૬. રસ્સી

૭. બચ્ચાં

૮. બિલ્લી

૯. છપ્પન

૧૦. પપ્પા



શિક્ષકની સહી.........., તા.........

૭

● રંગ પૂરો.











શિક્ષકની સહી..........., તા.........

# એકમ-૧૨

◉ ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૨

૧૦

◉ નવા શબ્દો બનાવીને લખો.

કચ્ચ → ૨ → કચ્ચર

ખચ્ચ → ૨

જબ્બ → ૨

બબ્બ → ૨

ગબ્બ → ૨

◉ વાક્યો વાંચો અને લખો.

૧. ઝભ્ભો — મારા પપ્પા ઝભ્ભો પહેરે છે.

૨. રસગુલ્લાં — મને રસગુલ્લાં ખૂબ ભાવે છે.

૩. ડબ્બો — આ ખાંડનો ડબ્બો છે.

૪. બચ્ચાં — મરઘીનાં ચાર બચ્ચાં હતાં.

૫. ફુગ્ગા — મેળામાંથી ફુગ્ગા લીધા.



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૨

૧૧

## તમારી આજુબાજુની વસ્તુઓનાં નામ યોગ્ય ખાનામાં લખો.

| લોખંડમાંથી બનતી | માટીથી બનતી | રસોડામાં હોય |
|---|---|---|
| તાળું | ઈંટ | ગ્લાસ |
| | | |
| | | |
| | | |
| | | |

## ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખો.

| | | | | |
|---|---|---|---|---|
| બચ્ચું | | | | |
| | | | | |

## નીચે લખેલા શબ્દો વાંચો અને સાચા શબ્દો લખો.

રસસી - ______ ચોખખું - ______ પપપા - ______

બિલલી - ______ મમમી - ______ ચપપુ - ______

અધધર - ______ અવવલ - ______



શિક્ષકની સહી.........., તા.........

## ◉ વાક્યો બનાવો.

૧. ગાય ______________________

૨. આંખ ______________________

૩. મમ્મી ______________________

## ◉ નવા શબ્દો બનાવીને લખો.

ડ → બ્બો

ઝ → બ્બો

મુર → બ્બો

ધ → બ્બો

______________________

______________________

______________________


______________________

## ◉ રંગ પૂરો.

ચપ્પલ



ફુગ્ગા



સૂચન :

# ગીતા અને મીતા

## ભાગ-૧

એક રાતે ગીતા અને મીતા સૂતાં હતાં. લાઈટ ગઈ અને ઓરડામાં અંધારું થઈ ગયું. અચાનક તેમણે સર-સર-સર અવાજ સાંભળ્યો. ગીતા અને મીતા ડરી ગયાં. સર સર સર અવાજ એક ખૂણામાંથી આવ્યો. થોડી વારે બીજા ખૂણામાંથી...

ગીતા અને મીતા ફફડવા લાગ્યાં. અંધારામાં કશું જ દેખાતું નહોતું. ગીતા અને મીતાએ એકબીજાનો હાથ પકડી લીધો. તેઓ ચીસો પાડવા લાગ્યાં. "ભૂઉઉત... ભૂઉઉત...

## ભાગ-૨

તેમણે ઓરડામાં દોડવાનું શરૂ કર્યું. પેલો સર... સર... સર... અવાજ એમની પાછળ દોડવા લાગ્યો.

તેમની બૂમો સાંભળી મમ્મી આવી પહોંચી. લાઈટ પણ આવી ગઈ. ગીતા અને મીના મમ્મીને બાઝી પડ્યાં. મમ્મી ખડખડાટ હસી પડી. મમ્મી કહે, જુઓ આ તમારું ભૂત. બેઉએ ડરતાં ડરતાં જોયું તો પ્લાસ્ટિકની થેલીમાં એક ભમરો હતો તે થેલી સાથે ઊડતો હતો. થેલીનો સર  સર સર અવાજ આવતો હતો.

એ જોઈ મીતા અને ગીતા પણ હસી પડ્યાં.

## માલતી

માલતી સૂતી હતી. એક માખી ઊડતી ઊડતી તેની પાસે આવી. માલતીએ તેને ઉડાડી, પણ થોડીવાર પછી તે માલતીના નાક પર આવીને બેઠી. માલતીએ આ વખતે જોરથી પોતાના નાક પર માર્યું. પણ માખી ઊડી ગઈ. માખી ફરીથી તેના ગાલ પર જઈને બેઠી. આ વખતે માલતીએ જોરથી પોતાના ગાલ પર લાફો માર્યો. માખી ફરીથી ઊડી ગઈ. પણ થોડીવાર પછી માખી ફરીથી ગણ ગણ કરવા લાગી. આ વખતે માલતી ચાદર ઓઢીને સૂઈ ગઈ.

## છોટુ

છોટુ નામનો એક હાથી હતો. છોટુને ફૂટબૉલ રમવાનું બહુ ગમતું હતું. તેણે જોયું કે બાળકો મેદાનમાં બૉલથી રમે છે. તે બાળકોની પાસે ગયો અને તેમની સાથે રમવા લાગ્યો. બધાંને બહુ મજા પડી રહી હતી. એટલામાં બૉલ છોટુની પાસે આવ્યો. છોટુએ જોરથી બૉલને લાત મારી. બૉલ દૂર એક ઝાડ પર ફસાઈ ગયો. બધા ચુપચાપ ઊભા હતા. છોટુ ઝાડની નજીક ગયો અને ઝાડને હલાવ્યું. બૉલ નીચે પડ્યો અને રમત ફરીથી શરૂ થઈ.

૬

● વાંચો અને લખો.

| | |
|---|---|
| ટક્કર | જબ્બર |
| ગુબ્બારો | શક્કરિયું |
| થપ્પો | લક્કડખોદ |
| ખચ્ચર | ધક્કો |
| એક્કો | સક્કરટેટી |
| પપ્પા | ડબ્બો |
| પટ્ટો | બુટ્ટી |
| મુઠ્ઠી | ચડ્ડી |
| કબડ્ડી | ચિઠ્ઠી |

માપપટ્ટી



શિક્ષકની સહી.........., તા.........


# એકમ-૧૩



◉ મૂળાક્ષરોના ઉપયોગથી બનતા જોડાક્ષરો વાંચો.

| | | | |
|---|---|---|---|
| છ + ઠ્ઠા = છઠ્ઠા | વિ + દ્યા = વિદ્યા | પ + ટ્ટી = પટ્ટી | ભ + ટ્ટ = ભટ્ટ |
| લ + જ્જા = લજ્જા | અ + ક્ક + લ = અક્કલ | ક + બ + ડ્ડી = કબડ્ડી | |

◉ ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૩



### ◉ નવા શબ્દો બનાવીને લખો.

ક → ક્કો
ધ → ક્કો

અ → સ્ત
સૂર્યા → સ્ત
વ્ય → સ્ત
શિ → સ્ત
પુ → સ્ત
મ → સ્ત
ઉ → સ્ત

### ◉ સરખા ઉચ્ચારવાળા શબ્દો લખો.

ચિઠ્ઠી
મુઠ્ઠી
પટ્ટી



શિક્ષકની સહી.........., તા.........











## ૧૦

- ચિત્રમાં શું શું દેખાય છે, તેનાં નામ લખો.

૧. ______ ૩. ______ ૫. ______

૨. ______ ૪. ______

- કોઈપણ ત્રણ ચિત્રના શબ્દનો ઉપયોગ કરી વાક્ય લખો.

૧. ______

૨. ______

૩. ______

સૂચન :

## સોનુ અને મોનુ

બે વાંદરા હતા. સોનુ અને મોનુ. બંને પાકા ભાઈબંધ હતા. સોનુ શહેરમાં રહેતો હતો, મોનુ ગામડામાં. સોનુ પોતાના ભાઈબંધ મોનુને મળવા માંગતો હતો. એક દિવસ સોનુએ બેગ લઈને ગામડા તરફ ચાલવાનું શરૂ કર્યું. અને પોતાના ભાઈબંધ મોનુના ઘરે પહોંચી ગયો. મોનુ પોતાના ભાઈબંધને જોઈને ખૂબ ખુશ થઈ ગયો. તેણે સોનુને જમાડ્યો. પછી સોનુને પોતાનું ગામ બતાવવા લઈ ગયો. સોનુને ગામડાની તાજી હવા અને લીલાં-લીલાં ઝાડ ખૂબ ગમ્યાં. હવે તે પણ ગામડામાં રહેવા લાગ્યો.

## ઉંદર અને હાથી

### ભાગ-૧

છોટુ નામે ઉંદર, મોટુ નામે હાથી. બેઉ પાક્કા સાથી.
સાથે જમે, સાથે રમે. સાથે હસે, સાથે રડે.
રમતાં રમતાં લડી પડે. લડતાં લડતાં રડી પડે.
રડતાં રડતાં હસી પડે.
એક વહેલી સવારે મોટુ તળાવમાં નહાવા ગયો. ધીમેધીમે પાણીમાં ઊતર્યો. હળવે હળવે ઊંડા પાણીમાં સરક્યો.

## ભાગ-૨

થોડી વાર પછી છોટુ તળાવ પાસે આવ્યો. બૂમો પાડવા લાગ્યો.

"મોટુ મોટુ બહાર આવ, જલદી તારા પગ બતાવ."

મોટુને પાણીમાંથી નીકળવું નહોતું. તેણે કહ્યું :

"જા રે જા ઘરે જા, ચૂંચૂંચૂં ગીત ગા
મને અહીંયાં તરવા દે, ઊંડા જળમાં સરવા દે."

છોટુ હવે ગુસ્સે થઈ બૂમો પાડવા લાગ્યો.

"મોટુડા મોટુડા બહાર આવ"

મોટુ અકળાઈને બહાર આવ્યો.

"બોલ, શું કામ છે ?"

છોટુએ મોટુને પગથી માથા સુધી જોયો. પછી મલકાઈને કહે. "જા પાછો પાણીમાં, હવે તું તર."

આ સાંભળી મોટુ ગુસ્સે થયો. "છોટિયા, તો મને બહાર શું કામ બોલાવ્યો ?"

છોટુ હસીને કહે, "કંઈ નહીં ! હું જોતો હતો કે તેં મારો ચડ્ડો તો નથી પહેર્યોને ?"

મોટુ હવે શું કહે ?

એકમ-૧૪

૨

બિલાડી મ્યાઉં મ્યાઉં કરતી ઘરમાં આવી. બચ્ચાં એનો અવાજ સાંભળી એ તરફ દોડવા લાગ્યાં. બિલાડીનું ધ્યાન પણ એમના તરફ ગયું. બધાં બચ્ચાં બિલાડીને તુરત જ વળગી પડયાં.

નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો અને લખો.

૧) આપેલા ફકરામાં કયા પ્રાણીની વાત છે ?

૨) ફકરામાંથી જોડાક્ષરવાળા બે શબ્દ લખો.

૩) બિલાડીને કોણ વળગી પડયું ?

૪) બિલાડી શું કરતી કરતી ઘરમાં આવી ?



શિક્ષકની સહી.........., તા.........

## ૨



વ્હાલી વ્હાલી મારી ગાય,
વાછડા સાથે આવી ગાય.
આમ તેમ ફરતી ગાય,
ગળાની ઘંટડી વગાડતી ગાય.
ચરીને જયારે આવતી ગાય,
ઘેર આવી ભાંભરતી ગાય.

- **ખાલી જગ્યા પૂરો :-**

(૧) ગાય આપણને ______________ આપે છે. (દૂધ, પાણી, ચા)

(૨) ગાયના ગળામાં ______________ વાગતી હતી. (માળા, ઘંટડી, ટાઈ)

(૩) વાછરડાને જોઈ ગાય ______________ હોય છે. (ભાંભરતી, ખાતી, પીતી)

- **નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ગાય કોની સાથે આવી છે ?

______________________________

______________________________

(૨) ગાયના ગળામાં શું વાગે છે ?

______________________________

______________________________



શિક્ષકની સહી.........., તા.........

# એકમ-૧૪

3

◉ મૂળાક્ષરોના ઉપયોગથી બનતા જોડાક્ષરો વાંચો.

ધ્યા + ન → ધ્યાન

વ + સ્તુ → વસ્તુ

લા + વ્યા → લાવ્યા

દો + સ્તી → દોસ્તી

આ + રો + ગ્ય → આરોગ્ય

અ + ન્યા + ય → અન્યાય

ક + લ્પ + ના → કલ્પના

◉ ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

- વાંચો અને લખો.

| | |
|---|---|
| સ્લેટ | સત્ય |
| અસત્ય | નાસ્તો |
| શિલ્પા | ખ્યાલ |
| કલ્પેશ | સસ્તું |
| ગુપ્ત | અલ્પેશ |
| મસ્તી | પુષ્પ |
| વૈરાગ્ય | બખ્તર |
| બમ્પર | લાવણ્ય |
| અલ્પાહાર | કલ્પના |



શિક્ષકની સહી.........., તા.........

૬

| | |
|---|---|
| રસ્સી | ચિત્રાત્મક |
| પરિસ્થિતિ | સરસ્વતી |
| વનસ્પતિ | આરોગ્ય |
| યોગ્ય | મસ્ત |
| અલ્પના | સુસ્ત |
| ચુસ્ત | અનન્ય |
| ભાગ્ય | વન્ય |
| અન્ય | ધાન્ય |
| નાવીન્ય | શૂન્ય |

આ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી સ્લેટમાં લખો.



શિક્ષકની સહી.........., તા.........

## તમે શીખેલા શબ્દો લખો :

બચ્ચું

## જોડાક્ષરવાળા શબ્દો બોલો અને લખો.

ઉદા. મચ્છર, લશ્કર, બખ્તર, અત્તર, સજ્જડ, ફક્કડ

## વાંચો અને લખો.

૧. નાનીને ઘેર જાવા દે.

૨. હું તને ખાઉં.

૩. મને ખૂબ ખવડાવ.

૪. ઘેટાનું બચ્ચું તો આગળ ચાલ્યું.

૫. ક્યાંય ઘેટાનું બચ્ચું દીઠું ?



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૪

૯

◉ નવા શબ્દો બનાવીને લખો.

સ્લે →
પ્લે → ટ
ફ્લે →

વ →
ધા →
શૂ →
અ → ન્ય
તાવી →
અન →

◉ જોડાક્ષરવાળા શબ્દો લખો.

અચ્ચર



શિક્ષકની સહી.........., તા.........


૯















| અનાજ | કઠોળ | તેલીબિયાં |
|---|---|---|
| ✓ | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



શિક્ષકની સહી.........., તા.........

- નામ લખો.

(૧) અનાજ : ____________ ____________ ____________

(૨) કઠોળ : ____________ ____________ ____________

(૩) શાકભાજી : ____________ ____________ ____________

(૪) તેલીબિયાં : ____________ ____________ ____________

- ખોરાક લેવા અંગેની સારી ટેવની સામે (✓) કરો અને ખરાબ ટેવ સામે (×)કરો.

૧. સાબુથી હાથ ધોઈને જમવું જોઈએ. ☐

૨. ઝડપથી જમવું જોઈએ. ☐

૩. ખોરાક ખૂબ ચાવીને ખાવો જોઈએ. ☐

૪. પલાંઠી વાળીને શાંતિથી જમવું જોઈએ. ☐

૫. ફક્ત કઠોળ જ ખાવા જોઈએ. ☐

૬. શાકભાજી ધોઈને વાપરવાં જોઈએ. ☐

૭. અનાજ કાચું ખાવું જોઈએ. ☐



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૪

૧૦

## જોઈને લખો.

| | |
|---|---|
| ઈટ્ટા કિટ્ટા | દફતર |
| હટ્ટા-કટ્ટા | ખચ્ચર |
| દુપટ્ટો | મચ્છર |
| હોદ્દેદાર | પથ્થર |
| બખ્તર | કસ્તર |

## જોઈને લખો.

ચમન ચડ્ડી કબડ્ડીનો ખેલાડી હતો.

દાદીને ચક્કર આવે છે.

દરવાજાને ધક્કો મારો.

બુટ્ટી કાનમાં પહેરાય છે.



શિક્ષકની સહી.........., તા.........

## જોઈને લખો.

મેદાનના પથ્થરો વીણી, એને ચોખ્ખું ચટ્ટ કરી દીધા પછી સૌ બાળકો ત્યાં કબડ્ડી રમવા માંડયાં. કલ્પેશે કહ્યું, ''બે પાટા વચ્ચેનું માપ સરખું નથી લાગતું.'' અલ્પેશે કહ્યું, ''માપપટ્ટી લાવીને માપી લઈએ.''

## ઉદાહરણ મુજબ લખો.

ઉદા. ચડ્ડી - ચડ્ડી કાપડની બને છે.

પથ્થર

ચક્કર

મમ્મી

પપ્પા

સૂચન :

## ચારુ

ચારુ આજે ખૂબ ખુશ હતી. તે કાલે પિકનિક પર જવાની છે. તે પોતાની બેગમાં સામાન મૂકતી હતી. તેણે બેગમાં ખાવા-પીવાનો સામાન મૂક્યો. પાણીની એક બોટલ મૂકી. થોડાં ફળ મૂક્યાં અને સાથે તેની મનપસંદ વાર્તાની ચોપડી પણ મૂકી. પછી વિચારવા લાગી. "બીજું શું મૂકું ?" આ વિચારતાં વિચારતાં સૂઈ ગઈ. જ્યારે તે ઊઠી તો સવાર પડી ગઈ હતી. તે જલદીથી તૈયાર થઈ ગઈ અને પોતાના દોસ્તો સાથે પિકનિક પર ચાલી ગઈ.

## વરસાદ ન પડયો

એક વરસ વરસાદ પડતો નહોતો. બધાં પંખીઓ પરેશાન હતાં. પંખીઓએ સભા બોલાવી. એ સભામાં ઘુવડે કહ્યું, " મારા દાદા કહેતા હતા કે દેડકા અને દેડકીનાં લગ્ન કરાવવાથી વરસાદ પડે છે." આ વાત બધાં પંખીઓને ગમી. બધાં પંખીઓ તરત જ દેડકા પાસે ગયાં અને તેને બધી વાત કરી. દેડકો લગ્ન માટે રાજી થઈ ગયો. એક દેડકી સાથે તેનાં લગ્ન કરાવ્યાં. બધાં પંખીઓએ ઘણા દિવસો સુધી રાહ જોઈ. તો પણ વરસાદ ન પડયો.

# ભૂખ્યો બગલો

એક બગલો હતો. તેને ભૂખ લાગી હતી. તે ખાવાનું ખાવા ગયો. ખેતરમાં તેને એક કાકડી મળી. કાકડી લઈને તે ખાવા લાગ્યો. ત્યારે જ તેને તળાવ દેખાયું. તળાવમાં માછલીઓ હતી. તેણે વિચાર્યું. - "કાકડી અને માછલી સાથે ખાઉં તો મજા પડી જાય." તે માછલી પકડવા ગયો. તળાવમાં મગર હતો. મગર તેની પાછળ દોડ્યો. બગલો તો કાકડી લઈને ભાગ્યો. બગલાને એક માટલું દેખાયું. તેણે કાકડી માટલામાં નાખી અને ભાગી ગયો. માટલામાં ઘણા ઉંદર હતા. ઉંદરો કાકડી ખાઈ ગયા. બગલો પાછો આવ્યો અને જોયું તો, માટલું તો ખાલી હતું.

## એકમ-૧૫

૨

● લખો

| | |
|---|---|
| પ્રત્યેક | ટ્રેન |
| પ્રાર્થના | રાષ્ટ્ર |
| પ્રક્રિયા | ડ્રમ |
| પ્રધાન | પૃષ્ઠ |
| પ્રચાર | સૃષ્ટિ |
| પ્રસાર | નૃપ |
| પ્રાણ | કૃપા |
| પ્રકાર | મૃગ |
| પ્રસાદ | ગૃહ |
| પ્રતિજ્ઞા | મૃત |

| | |
|---|---|
| ગર્વ | વર્ષા |
| સર્વ | ચર્ચા |
| હર્ષ | સમર્પણ |
| સર્પ | આચાર્ય |
| કર્જ | તર્પણ |
| ચર્ચ | અર્પણ |
| તર્જ | શર્મિલા |



શિક્ષકની સહી.........., તા.........

૨

◉ ચિત્ર જોઈ નામ લખો.

 ______________

 ______________

 ______________

 ______________

 ______________

 ______________

 ______________

 ______________



શિક્ષકની સહી.........., તા.........

૨



















શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૫

૮

- પ્રકાશ, પૂર્વા, રાષ્ટ્ર જેવા 'ર' કારવાળા દસ શબ્દો લખો.

- 'અ' થી શરૂ થતા દસ શબ્દો લખો.



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૫

દ

### વાંચો અને લખો.

૧. આશીર્વાદ : ______________________

૨. પિતૃ : ______________________

૩. પ્રગાઢ : ______________________

૪. પ્રવૃત્તિ : ______________________

૫. નિસર્ગ : ______________________

### શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. વૃક્ષ : ______________________

૨. વર્ષા : ______________________

૩. ટ્રેન : ______________________

૪. પ્રકાશ : ______________________

૫. વાર્તા : ______________________

### ફકરો વાંચી જોડાક્ષર શોધી લખો.

શાળાના મેદાનમાં સ્પર્ધા ચાલુ હતી. રંગબેરંગી વસ્ત્રોમાં બાળકોએ નૃત્ય શરૂ કર્યું. ખૂબ આકર્ષક દૃશ્ય હતું.

______ ______ ______

______ ______ ______



શિક્ષકની સહી.........., તા.........

## ◉ ઋતુ મુજબનાં ફળોનાં નામ લખો.

(૧) શિયાળો :

(૨) ઉનાળો :

(૩) ચોમાસું :



શિક્ષકની સહી.........., તા.........







## ચિત્ર જોઈને વાક્યો લખો.

૧. આ શાળા છે.



શિક્ષકની સહી.........., તા.........

૧૦

## વાક્ય બનાવો.

૧) પપ્પા - પપ્પા અમદાવાદ ગયા.

૨) શર્ટ -

૩) મુઠ્ઠી -


૪) વ્યાયામ -

૫) પટ્ટો -


## ચિત્ર જોઈને એક વાક્ય લખો.













સૂચન :

# સપનું

હું તો પાંદડાં પરથી કૂદ્યો, ને ડાળી ઉપર ભાગ્યો
હું તો બોલ્યો "હૂપાહૂપ", મમ્મી બોલી "ચૂપ બેસ ચૂપ"
હું તો ડાળી ઉપર બેઠો, પૂંછડેથી લટક્યો હેઠો
નીચે હતી મોટી ભેંસ, મારા પગને વાગી ઠેસ
ડાળી ભડડડ તૂટી, મારી પૂંછડી છૂટી
હું તો પડ્યો ગાડામાં, ગાડું પડ્યું ખાડામાં
ખાડો હતો મોટો, મેં તો પાડ્યો ફોટો
ફોટો આવ્યો છાપામાં, હું તો અટક્યો ઝાંપામાં
ઝાંપા પાસે ઊંચું ઝાડ, ઓહો આ તો ઊંચું ઝાડ !
ઝાડ પરથી તરબૂચ, માથે પડ્યું સચમૂચ,
માથું ગયું ફૂટી, સપનું ગયું તૂટી !

વાંચોઃ

સમૂહકાર્ય - ૨

# મેળો

## ભાગ-૧

આજે અમારે મેળામાં જવાનું હતું. વહેલાં ઊઠ્યાં, ઝટપટ નાહી લીધું. કપડાં પહેરી લીધાં. દોડીને બસસ્ટૅન્ડે પહોંચી ગયાં. એક બસ આવી તેમાં ભીડ હતી. એ તો ઊભી ન રહી. બીજી બસમાં થોડી જગા મળી. અમે બસમાં બેઠાં.

મેળામાં પહોંચ્યાં. ત્યાં ખૂબ ભીડ હતી. દુકાનો જ દુકાનો હતી. રમકડાંની દુકાન; મીઠાઈની દુકાન; કપડાંની દુકાન અને જાતજાતની હાટડીઓ.

## ભાગ-૨

પહેલાં ચગડોળમાં બેસવા ગયાં. વારો આવ્યો એટલે અંદર બેઠાં. ચગડોળ ધીરેધીરે ફરવા લાગ્યું. નીચે જોતાં બીક લાગે. ઉપર જઈએ. પાછાં નીચે આવીએ. ચગડોળ ઝડપથી ફરવા લાગ્યું. પેટમાં કશુંક થવા લાગ્યું. મેં તો આંખો જ બંધ કરી લીધી.

પછી જાતજાતના ખેલ જોયા. રીંછના, માંકડાના અને કૂતરાના. જાદુગરે જાદુનો ખેલ બતાવ્યો. અમને ખૂબ મજા પડી. ફુગ્ગા લીધા. સીંગ-રેવડી ખાધી. ભજિયાં ખાધાં, રમકડાં લીધાં. ભાઈ માટે હાથી અને મારા માટે મોટર. ફરી ફરીને તો થાકી ગયાં.

ઘેર આવ્યાં. થાકી ગયેલાં તેથી ઊંઘી ગયાં. પણ મેળો બહુ યાદ આવે. સપનામાં પણ ચગડોળ દેખાય અને કાનમાં પીપૂડાં વાગે.

## એકમ-૧૬

૧

### પ્ર.૧. તમારી શાળાના શિક્ષકોનાં પૂરાં નામ લખો.

૧ ______

૨ ______

૩ ______

૪ ______

૫ ______

૬ ______

૭ ______

### પ્ર.૨. તમારા ઘરના બધા જ સભ્યોનાં પૂરાં નામ લખો.

૧ ______

૨ ______

૩ ______

૪ ______

૫ ______

૬ ______

૭ ______

### પ્ર.૩. આપેલાં સાધનોના ઉપયોગ લખો.

૧ ફોન : ______

૨ ટી.વી. : ______

૩ કૂકર : ______

૪ સાઈકલ : ______

૫ ઘડો : ______



શિક્ષકની સહી.........., તા.........



## રાષ્ટ્રધ્વજ વિશે પાંચ-સાત વાક્યો લખો.



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૬

ડ

## ◉ નમૂના મુજબ લખો.

રજા : આજે રજા છે.

બાગ : ______

ગૌરવ : ______

હર્ષા : ______

વર્ષ : ______

## ◉ સુધારીને લખો.

કરણ = કિરણ

વદળ = ______

પણમ = ______

વજળ = ______

ઢગલ = ______

## ◉ લખો.

ઉષ્મા = ઉષ્મા

કર્મ = ______

પુષ્પ = ______

વિસ્મય = ______

પ્રેરણા = ______



શિક્ષકની સહી.........., તા.........

## ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખો.

કશ્યપ

## તમારા મિત્રોનાં પૂરાં નામ લખો.

૧ ______

૨ ______

૩ ______

૪ ______

૫ ______

## તહેવારનાં પાંચ નામ લખો.

૧ ______

૨ ______

૩ ______

૪ ______

૫ ______

સૂચન :

વાલીની સહી.....................



શિક્ષકની સહી.........., તા.........

# ગુફા... ઓ... ગુફા...

## ભાગ-૧

એક હતો જીમી સિંહ. તેને ભૂખ લાગી પણ કંઈ ખાવા મળ્યું નહીં. તે ખાવાનું શોધતો હતો. તેણે એક ગુફા જોઈ. તેને મનમાં થયું. "આ કોઈક પ્રાણીનું ઘર લાગે છે." તે ખુશ થયો. ધીમેધીમે ગુફાની અંદર ગયો. પણ તેને કંઈ જ મળ્યું નહીં. તેણે વિચાર્યું, "હમમ... કંઈ વાંધો નહીં. રાત પડશે એટલે આ ગુફામાં રહેવું. પ્રાણી તો અહીં આવશે જ, જેવું એ આવશે કે તરત જ હું તેને ખાઈ જઈશ."

## ભાગ-૨

સાંજ પડી. ડીપુ શિયાળ ત્યાં આવ્યું. તેણે ગુફા તરફ જતાં પગલાં જોયાં અને એકદમ ઊભું રહી ગયું. "હમમ... કોઈ પ્રાણી મારા ઘરમાં ગયું લાગે છે, પણ બહાર નીકળવાનાં પગલાં તો દેખાતાં નથી ! અચ્છા, તો કોઈ છે... પણ મને ખબર છે કે હવે શું કરવું ?"

તે ગુફા તરફ જોઈ મીઠા અવાજે બોલ્યું, "ગુફા ઓ ગુફા ! ઓ મારી વહાલી ગુફા ! હું આવી ગયો છું."

## ભાગ-૩

થોડી વાર પછી તે બોલ્યું, “ઓ વહાલી ગુફા, તું આજે રીસાઈ ગઈ છે કે શું !? રોજ તો તું મને કહે છે : ‘ગુડ ઈવનિંગ ડીપુ, વેલકમ.’ પણ આજે બોલતી કેમ નથી ?

અંદર સિંહને થયું, “આજે આ ગુફા મારા ડરથી બોલતી નથી, પણ હું ગુફા બની ‘વેલકમ’ કહું અને પછી શિયાળને ખાઉં.”

આમ, વિચારી સિંહ સરસ અવાજમાં બોલ્યો, “ગુડ ઈવનિંગ ડિઅર ડીપુ, વેલકમ.”

આ સાંભળી ડીપુએ બે કાન ઊંચા કરી વિચાર કર્યો. પછી ડીપુ દબાતા પગલે ત્યાંથી ચાલ્યું ગયું.

## મગર

નદી કિનારે એક ઝાડ હતું. તેના પર એક ચકલી રહેતી હતી. નજીકમાં એક છોકરો રહેતો હતો. બંને દોસ્ત હતાં.

બંને સાથે રમતાં હતાં. નદીમાં એક મગર રહેતો હતો. મગરે કહ્યું, “હું તમારી સાથે રમું ?” બંનેએ ના પાડી દીધી. મગર નારાજ થઈ ગયો. એક દિવસ મગરે છોકરાનો પગ પકડી લીધો. ચકલી બોલી, “એને છોડી દો”. મગર બોલ્યો, “મારી સાથે દોસ્તી કરશો ?” બંનેએ મગરની વાત માની લીધી પછી ત્રણેય દોસ્ત બની ગયાં.



## એકમ-૧૭



૧

### ૧. નીચેના શબ્દો મોટેથી વાંચો.

ઉમંગ   સાયન્સ   સિટી   વૈજ્ઞાનિક   સાક્ષર

### ૨. ચિત્રો જોઈ શબ્દો લખો.



શિક્ષકની સહી..........., તા..........

## એકમ-૧૭

◉ વાંચો અને લખો.



કલ્પેશ અને કેવલ ક્રિકેટ રમે છે.



એટલામાં મોહનભાઈ ત્યાં આવે છે.

તે આંખથી જોઈ શકતા નથી.



મોહનભાઈને રસ્તો ઓળંગવો છે.



છોકરાઓ એમને સાચવીને રસ્તો ઓળંગવામાં મદદ કરે છે.

૧) આંખથી કોણ જોઈ શકતા નથી ?

૨) મોહનભાઈને રસ્તો ઓળંગવામાં કોણ મદદ કરે છે ?



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૭

૬

## દિવાળીનો તહેવાર

દિવાળી તો ખૂબ જ ગમે. તે મજાનો ઉત્સવ છે. અમે દિવાળીમાં નવાં કપડાં પહેરીએ છીએ. મમ્મી જુદી-જુદી મીઠાઈ બનાવે છે. દાદા અમોને રમકડાં લાવી આપે છે. મારી મોટીબેન રમ્યા આંગણામાં રંગોળી પૂરે છે. ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ પૂરો કરીને સીતાજી અને લક્ષ્મણજી સાથે ગૌરવભેર અયોધ્યા પાછા ફર્યા હતા, એની યાદમાં દિવાળી ઉજવાય છે. આખો દેશ હરખભેર દિવાળી ઊજવે છે.

૧. ફકરામાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખો.

ઉત્સવ

૨. ચિત્રના આધારે 'તહેવાર'નું નામ લખો.








શિક્ષકની સહી.........., તા.........

પ્ર-૧ વિરુદ્ધાર્થી શબ્દો લખો.

રાત × ________ નાનું × ________ પૂનમ × ________

સારું × ________ જાડું × ________ સવાર × ________

- અમારું ગામ ખૂબ જ સુંદર છે. ગામમાં બધી જ સુવિધા છે. ગામમાં ગ્રામ પંચાયત છે. પોસ્ટ-ઑફિસ ખૂબ જ ઉપયોગી બની રહી છે. ગામમાં સરકારી દવાખાનું છે, જે બીમાર લોકોની સેવા કરે છે. ગામમાં સસ્તા અનાજની દુકાન છે, જે લોકોને અનાજ પહોંચાડે છે.

ખાલી જગ્યા પૂરો.

(૧) ગામમાં બધી જ ________ છે.

(૨) દવાખાનું ________ લોકોની સેવા કરે છે.

(૩) ________ અનાજની દુકાન ગામમાં છે.

(૪) ________ લોકોને ઉપયોગી બને છે.



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૭

૭

## જોઈને લખો.

૧) ત્રણ કલાક સુધી એમણે સાયન્સ સિટી જોયું.

૨) વર્ગશિક્ષકે સૌને નાસ્તો કરાવ્યો.

૩) એની સાથે એના બે મિત્રો કૌશલ અને અક્ષર પણ હતા.

૪) તુષારભાઈએ રસ્તામાં વિજ્ઞાનનું મહત્ત્વ સમજાવ્યું.



શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૭

ઘ

## ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૭

૧૦

## ચિત્રના આધારે વાક્યો લખો.









શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૭

૧૧

### ◉ લખો.

સાયન્સ     વૈજ્ઞાનિક     સિટી     વર્ગશિક્ષક

### ◉ જોડો.

| | |
|---|---|
| સારું | આથમણું |
| પૂનમ | ધોળું |
| ઉગમણું | ખરાબ |
| કાળું | અમાસ |

### ◉ લખો.

૧. મારું નામ :

૨. મારું ગામ :

૩. પપ્પાનું નામ :

૪. મમ્મીનું નામ :

૫. મારા શિક્ષકનું નામ :

૬. મારું ધોરણ :



શિક્ષકની સહી.........., તા.........

૧૧

# ચિત્ર જોઈ નામ લખો




ડૉક્ટર















શિક્ષકની સહી.........., તા.........

એકમ-૧૭

૧૨

## ◉ વિરુદ્ધાર્થી શબ્દો લખો.

નાનું × ____________  લીલું × ____________

કાળું × ____________  સુખ × ____________

વધુ × ____________  હસવું × ____________

ઊંચું × ____________  ઉગમણું × ____________

## ◉ વર્ગીકરણ કરો.

આગબોટ, બસ, મોટર, વિમાન, હોડી, રૉકેટ, સ્કૂટર, હેલિકૉપ્ટર

| જમીન પર ચાલતાં વાહનો | પાણી પર ચાલતાં વાહનો | હવામાં ચાલતાં વાહનો |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



શિક્ષકની સહી.........., તા.........

## ઉદાહરણ મુજબ વાક્ય બનાવો.

૧) ટ્રેન ટ્રેન મને ગમે છે.

૨) પ્રાર્થના

૩) રાષ્ટ્ર

૪) આચાર્ય

૫) પ્રસાદ

## અનુલેખન કરો.

મારા વ્યાયામના શિક્ષક કૃપાશંકર જ્યારે મેદાનમાં આવે ત્યારે અમને વિવિધ પ્રકારની કસરત કરાવે. અમને અમારા સાહેબ પર ગર્વ છે. તે હંમેશાં તમામ બાળકોને હર્ષભેર આવકારે છે.

સૂચન :

વાલીની સહી.....................



શિક્ષકની સહી.........., તા.........

વાંચો:



# કામગરી મરઘી

## ભાગ-૧

એક હતી કામગરી મરઘી. બોલે 'ક્લક ક્લક ક્લક'. કામ કરે ચકાચક. એને જડ્યો એક ઘઉંનો દાણો. 'ક્લક ક્લક ક્લક' 'આ દાણો વાવશે કોણ?' એણે દોસ્તોને પૂછ્યું.

ભાઉં ભાઉં... 'હું નહિ વાવું...' કૂતરાએ કહ્યું.
મ્યાઉં મ્યાઉં...'હું નહિ વાવું...' બિલાડીએ કહ્યું.
હૂપ હૂપ... 'હું નહિ વાવું...' વાદરાએ કહ્યું.
ટેહૂક ટેહૂક... 'હું નહિ વાવું...' મોરલાએ કહ્યું.

'તો પછી હું તો વાવીશ જ' મરઘીએ કહ્યું, 'ક્લક ક્લક ક્લક' મરઘીએ ઘઉંનો દાણો વાવ્યો. પછી અંકુર ફૂટ્યો. અંકુર વધીને છોડ થયો. તે મોટો થયો. છોડ પર દાણા આવ્યા. દાણા પાક્યા.

## ભાગ-૨

'હવે એ ઘઉં કાપશે કોણ?' મરઘીએ પૂછ્યું.

ભાઉં ભાઉં... 'હું નહિ કાપું...' કૂતરાએ કહ્યું.
મ્યાઉં મ્યાઉં... 'હું નહિ કાપું...' બિલાડીએ કહ્યું.
હૂપ હૂપ... 'હું નહિ કાપું...' વાંદરાએ કહ્યું.
ટેહૂક ટેહૂક... 'હું નહિ કાપું...' મોરલાએ કહ્યું.

'તો પછી હું જ કાપીશ'. મરઘીએ કહ્યું, 'ક્લક ક્લક ક્લક'. મરઘીએ ઘઉં કાપ્યા. દાણા કાઢ્યા. ઘંટીમાં દળ્યા. 'ક્લક ક્લક ક્લક'.

'હવે આ ઘઉંની રોટલી બનાવશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

ભાઉં ભાઉં... 'હું નહિ બનાવું...' કૂતરાએ કહ્યું.

મ્યાઉં મ્યાઉં... 'હું નહિ બનાવું...' બિલાડીએ કહ્યું.

હૂપ હૂપ... 'હું નહિ બનાવું...' વાંદરાએ કહ્યું.

ટેહૂક ટેહૂક... 'હું નહિ બનાવું...' મોરલાએ કહ્યું.

## ભાગ-૩

'તો પછી રોટલી હું બનાવીશ.' મરઘીએ કહ્યું. ''ક્લક ક્લક ક્લક'. મરઘીએ પછી રોટલી વણી, શેકી, ઘીમાં ઝબોળી અને થાળીમાં પીરસી સહુના મોંમાં પાણી પાણી.

'હવે આ રોટલી ખાશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

લાવ લાવ ... 'હું ખાઈશ...' કૂતરાએ કહ્યું.

લાવ લાવ ... 'હું ખાઈશ...' બિલાડીએ કહ્યું.

લાવ લાવ ... 'હું ખાઈશ...' વાંદરાએ કહ્યું.

લાવ લાવ ... 'હું ખાઈશ...' મોરલાએ કહ્યું.

ક્લક ક્લક ક્લક 'ના... ના... રોટલી તો હવે હું જ ખાઈશ.' મરઘીએ કહ્યું. કહો, રોટલી કોણે ખાધી હશે ?

એકમ-૧૮

૧

## જોઈને લખો

૧) ચોમાસામાં વરસાદ પડે છે. વરસાદમાં કપડાં પલળે. ઘરમાં વરસાદ આવે નહિ. ઘર આપણને વરસાદથી બચાવે છે.

૨) શિયાળામાં ઠંડી હોય છે. ઘરનાં બારી અને બારણાં બંધ રાખીએ. ઘરમાં ઠંડી લાગે નહિ. ઘર આપણને ઠંડીથી બચાવે છે.

૩) રાત્રે બહાર અંધારું હોય છે. ઘરની અંદર લાઈટ હોય છે. ઘરમાં અંધારું લાગે નહિ. ઘર આપણને બીકથી બચાવે છે.



શિક્ષકની સહી.........., તા.........

૧

૪) ઘરમાં બા અને બાપુજી હોય છે. ઘરમાં દાદા અને દાદી હોય છે. ઘરમાં બહેન અને ભાઈ હોય છે.

● ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

ઊંટ પાણી પીધા વિના લગભગ સાત મહિના સુધી જીવી શકે છે. કેટલાંક અઠવાડિયાં પાણી વગર રહ્યા પછી ઊંટ દસ જ મિનિટમાં લગભગ ૧૩૫ (એકસો પાંત્રીસ) લિટર જેટલું પાણી પી શકે છે. તે પછી તે ફરીથી લાંબા રણ પ્રવાસ માટે તૈયાર થઈ જાય છે.

● સાચા જવાબ પર ખરાની (✓) નિશાની કરો.

૧. ઊંટ લગભગ કેટલા સમય સુધી પાણી વગર રહી શકે છે ?

(અ) ૧૦ મિનિટ (બ) ૭ દિવસ
(ક) ૭ અઠવાડિયાં (ડ) ૭ મહિના

૨. સામાન્ય રીતે ઊંટ કેવો પ્રવાસ કરતું હોય છે ?

(અ) લાંબો અને રણનો (બ) ટૂંકો અને રણનો
(ક) ટૂંકો અને જંગલનો (ડ) લાંબો અને જંગલનો

૩. ઊંટને સૌથી વધુ પાણી પીવાવાળું કહેવામાં આવે છે કારણ કે...

(અ) તે મોટું પ્રાણી છે. (બ) તે લાંબા પ્રવાસ પર જાય છે.
(ક) તે એક સાથે વધારે પાણી પી શકે છે. (ડ) તે મોટી ટાંકીમાંથી પાણી પીવે છે.



શિક્ષકની સહી.........., તા.........




## તમારી શાળાનું ચિત્ર દોરો.

- પ્રશ્નોના જવાબ આપો.

૧. તમારી શાળાનો દરવાજો કઇ દિશામાં છે ? : ____________________

૨. શાળામાં પાણીની ટાંકી કઈ બાજુ છે ? : ____________________

૩. શાળામાં મૂતરડી કઈ બાજુ છે ? : ____________________

૪. શાળાની પૂર્વ દિશામાં શું આવેલું છે ? : ____________________



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૮

૨

### વાંચો

પિન્કી નામની એક છોકરી હતી. તેને જુદી-જુદી વસ્તુઓનો સંગ્રહ કરવો ગમતો. ઉપયોગી કે બિનઉપયોગી, સારી કે ખોટી, રંગીન કે રંગવિહીન વસ્તુઓ તે ભેગી કરતી. માચિસની છાપ, પથ્થર, લખોટીઓ, બંગડીના ટુકડા, શીશીઓનાં ઢાંકણાં વગેરેનો તે સંગ્રહ કરતી. પિન્કી ખૂબ આનંદમાં રહેતી. લોકોની અણઆવડતને તે આવડતમાં ફેરવી દેતી. પિન્કી નકામી વસ્તુને ઉપયોગી બનાવતી હતી.

### ઉદાહરણ મુજબ શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉપયોગી | x | બિનઉપયોગી | આવડત | x | અણઆવડત |
| અનુભવી | x | | માનીતી | x | |
| જરૂરી | x | | સમજ | x | |
| ઝેરી | x | | ગમો | x | |

### વિરુદ્ધાર્થી શબ્દ લખો.

| | | |
|---|---|---|
| સાચું | X | ખોટું |
| મારું | X | |
| રંગીન | X | |
| નકામું | X | |



શિક્ષકની સહી.........., તા.........

૨

## ખાલી જગ્યા પૂરો.

૧. પિન્કી નામની એક છોકરી ________. (હતી, હતો)

૨. પિન્કી ખૂબ ________ રહેતી. (આનંદમાં, દુઃખમાં)

૩. પિન્કી નકામી વસ્તુઓને ________ બનાવતી હતી. (ઉપયોગી, બિનઉપયોગી)

## ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.

દાદા - દાદી

મામા - ________

કાકા - ________

માસા - ________

છોકરો - ________

રાજા - રાણી

પપ્પા - ________

ફુઆ - ________

મોર - ________

કૂતરો - ________



શિક્ષકની સહી.........., તા.........

## ચિત્રના આધારે વાક્યો લખો.





શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૮

૮

◉ મિત્રની મદદથી ફકરો સાંભળીને સ્લેટમાં લખો પછી જોઈને અહીં લખો.

પંખી કોને કહેવાય ? જેને ચાંચ અને પાંખ હોય તે પંખી. પાંખથી પંખી ઊડે. ઝાડની ઊંચી ડાળી પર બેસે. આકાશમાં ઊંચે જાય. હવામાં જાણે તર્યા કરે. ભગવાને આપણને હાથ આપ્યા. પંખીઓને પાંખ આપી.



શિક્ષકની સહી.........., તા.........

૮

* સમાન અર્થવાળા શબ્દ જોડો.

| | |
|---|---|
| માતા | વિવિધ |
| વંદન | અજવાળું |
| જુદાં જુદાં | ડર |
| બીક | મા |
| પ્રકાશ | નમન |

* વિરુદ્ધાર્થી શબ્દો લખો.

| | |
|---|---|
| મૂર્ખ | બહાર |
| આવવું | હસવું |
| રડવું | જવું |
| અંદર | હોશિયાર |

* જોડો.

| | | | | |
|---|---|---|---|---|
| રાજા | ફુઆ | મોર | દાદા | વાઘ |
| ઢેલ | દાદી | વાઘણ | ફોઈ | રાણી |



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૮

દ

### જોડો.

| | |
|---|---|
| દીવાલ | ઝાડ |
| બીક | અજવાળું |
| વૃક્ષ | ભીંત |
| પ્રકાશ | ડર |

### લખો.

૧. લક્ષ્મી નામની એક છોકરી હતી.

૨. ઘરમાં લક્ષ્મી એકલી હતી.

૩. વૃદ્ધ સજ્જન લટાર મારવા નીકળ્યા.

૪. લક્ષ્મી બચી ગઈ હતી.



શિક્ષકની સહી.........., તા.........

## જોઈને લખો.

**નાનાં અમે બાળ, ભણવું અમારે;**
**ધ્યેય એક, આગળ વધવું અમારે.**

## વિરુદ્ધાર્થી શબ્દો જોડો.

| | |
|---|---|
| ઊંચું | પાતળું |
| જાડું | નીચું |
| રડવું | બહાર |
| અંદર | હસવું |

## જોડો.

| | |
|---|---|
| કૂતરો | વાઘણ |
| સિંહ | ચકલો |
| બકરી | કૂતરી |
| વાઘ | સિંહણ |
| ચકલી | બકરો |

સૂચન :

વાંચોઃ



# વાંદરાભાઈનું ઘર

## ભાગ-૧

એક હતો ખટખટ વાંદરો. એક ઝાડથી બીજા ઝાડ પર ફરે, હૂપાહૂપ કરે પણ ઘર ન બનાવે. શિયાળો શરૂ થયો. ખૂબ ટાઢ વાય. ખટખટે એક ઘર પાસે લાલ લાલ વસ્તુ પાસે માણસો જોયા. તે બધા લાલ વસ્તુ પાસે હાથ રાખતા હતા અને ગાલ પર મૂકતા હતા. "આહ ! ઠંડી આમ ભગાડાય !" ખટખટે કૂદકા મારી ખેતરે જઈ લાલ મરચાં ભેગાં કર્યાં. દોસ્તો સાથે ઠંડી ભગાડવા મરચાં ફરતે બેઠા. ત્યાં માળામાંથી ચટપટ સુઘરી બોલી, 'ખટખટ... આમ ઠંડી ન ભાગે.

## ભાગ-૨

ઘર બનાવો ! ઘરમાં રહીએ તો ઠંડી, ગરમી, વરસાદથી બચી શકાય.' ખટખટ અને તેના દોસ્તો હૂપાહૂપ કરતા ગાવા લાગ્યા :

ડાળે ડાળે કૂદીએ છીએ, ઝાડે ઝાડે ફરીએ છીએ

ઠંડીથી ક્યાં ડરીએ છીએ, હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)

ઉનાળાની ગરમી શરૂ થઈ. ખટખટ દોસ્તો સાથે પૂંછડીથી પવન ખાવા લાગ્યો. સુઘરીએ ઘર બનાવવાનું પૂછ્યું. તો બધા ગાવા લાગ્યા :

ઝાડને છાંયે રહીએ છીએ, પૂંછડે પવન ખાઈએ છીએ

ગરમીથી ક્યાં ડરીએ છીએ ?

હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...

## ભાગ-૩

સુઘરી માળામાં ઝૂલતી રહી ને, ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી. ચોમાસામાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. કડડડ ધૂમ... ગડડડ ધૂમ... વીજળીના કડાકા-ભડાકા ને વાદળોનો ગડગડાટ.. બધે જળબંબાકાર. ખૂબ પવન ને ખૂબ ઠંડી. સુઘરી ખટખટને શોધવા નીકળી. ખટખટ અને તેના મિત્રો પૂંછડી ઊંચી કરી મિનારા જેવું બનાવીને બેઠાં-બેઠાં ગાતા હતા :

પૂંછ મિનારમાં રહીએ છીએ, વરસાદથી ક્યાં ડરીએ છીએ ?

હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)

પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા. વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું. ને ચટપટ સુઘરીએ ચિંતા પણ છોડી દીધી.

## એકમ-૧૯



આજે ૧૫મી ઑગસ્ટ હતી. દાદાજીએ પૌત્રીઓને રાષ્ટ્રધ્વજ વિશે સમજ આપી. તેમણે કહ્યું કે આપણા રાષ્ટ્રધ્વજને ત્રિરંગો કહેવામાં આવે છે. તેમાં ત્રણ રંગ છે. કેસરી, સફેદ અને લીલો. કેસરી રંગ વીરતા, સફેદ રંગ શાંતિ અને ભાઈચારો તથા લીલો રંગ હરિયાળી અને સમૃદ્ધિનાં પ્રતીક છે. સફેદ રંગમાં અશોકચક્ર આપણને સતત ગતિ અને વિકાસનો સંદેશો આપે છે. આપણા રાષ્ટ્રીય તહેવારોના દિવસે શાળામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. આપણને આપણા રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગૌરવ હોવું જોઈએ.

- ઉપરના ફકરામાંથી પાંચ જોડાક્ષરો નીચે લીટી કરો અને લખો.

______________ ______________ ______________

______________ ______________

- ઉપરના ફકરામાંથી રંગોનાં નામ શોધીને લખો.

______________ ______________ ______________



શિક્ષકની સહી.........., તા.........

૪

- ઉદાહરણ પ્રમાણેનાં 'નો, ની, નું, નાં' ખાલી જગ્યામાં પૂરી વાંચો.

ઉદા. મોહનની બકરી ચરે છે.

મોહન____ કપડાં સુકાય છે.

સવિતા____ ફ્રોક સારું છે.

અનિલ____ મોબાઈલ મોંઘો છે.

- ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.

| | |
|---|---|
| વન | ઉપવન |
| આચાર્ય | ઉપાચાર્ય |
| સાગર | |
| નામ | |
| ગ્રહ | |
| ખંડ | |
| વસ્ત્ર | |



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૯

૫

◉ નીચે આપેલા શબ્દો વાંચો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| સાક્ષર | કુક્કર | ગંધ | સ્વર | પ્રતાપ |

◉ નીચે આપેલાં વાક્યો વાંચો અને લખો.

૧. રામના ભાઈ લક્ષ્મણ છે.

૨. શિવાજીની માતાનું નામ શું હતું ?

૩. ગિરનારનો તો જોટો ન મળે.

૪. નિશાળનાં છોકરાં હોશિયાર છે.



શિક્ષકની સહી.........., તા.........

## જવાબના આધારે પ્રશ્ન બનાવીને લખો.

૧. ______________________________

આપણા દેશનું નામ ભારત છે.

૨. ______________________________

પોપટનો રંગ લીલો હોય છે.

૩. ______________________________

હર્ષા પાંચ વાગ્યે આવશે.



શિક્ષકની સહી.........., તા.........

◉ રીંછ અને કાચબાની વાર્તા વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

બે કાચબાઓ નદીકાંઠે રમતા હતા
ત્યારે એક રીંછે તેમને જોઈ લીધા.



રીંછ ખૂબ જ ભૂખ્યું હતું.
તે તેમની તરફ દોડ્યું.
રીંછને જોઈ કાચબાઓએ
નદી તરફ ગબડવાનું શરૂ કર્યું
અને પાણીમાં પહોંચી ગયા.

રીંછ પણ કાચબાઓ પાછળ દોડ્યું.
દોડતાં દોડતાં તેનું માથું એક પથ્થર સાથે ભટકાયું.



કાચબાઓ તો તરીને ચાલ્યા ગયા.
રીંછ પોતાનું માથું પકડીને બેસી રહ્યું.

● સાચા જવાબ પર ખરાની (✓) નિશાની કરો.

૧. રીંછ શું શોધતું હતું ?
(અ) પાણી (બ) ખોરાક (ક) રહેવા માટેની જગ્યા

૨. કાચબાઓ ............... ની માફક ગબડ્યા.
(અ) ખોખા (બ) બેટ (ક) દડા


૩. અંતે રીંછ ................ થઈ ગયું હશે.
(અ) ખુશ (બ) નિરાશ (ક) શાંત

૪. ખરા (✓) કે ખોટા (X) ની નિશાની કરો.
રીંછ કાચબાઓને પકડી શક્યું નહીં. ☐



શિક્ષકની સહી.........., તા.........

# ચિત્રના આધારે વાક્યો લખો.






શિક્ષકની સહી.........., તા.........

◉ સમાનાર્થી શબ્દની નીચે લીટી કરો.

સવાર = <u>પ્રભાત</u>, સાંજ, બપોર, રાત્રિ

નભ = ધરતી, આકાશ, પૃથ્વી, ક્ષિતિજ

સફેદ = કાળું, શ્યામ, ધોળું, પીળું

સાચું = ખરું, ખોટું, મોટું, નાનું

◉ યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

(શું, ક્યાં, કોણ, ક્યારે, કઈ)

૧. સૂર્ય ________ દિશામાં ઊગે છે ?

૨. પ્રિયા ________ આવશે ?

૩. દીક્ષિત ________ જાય છે ?

૪. અરુણા ________ કરે છે ?

૫. આ ઘરમાં ________ રહે છે ?



શિક્ષકની સહી.........., તા.........

૮

- ફકરો વાંચીને જવાબ લખો.

પાંડવો પાંચ ભાઈઓ હતા. એમની માતાનું નામ કુંતી. એમના પિતા પાંડુરાજા. પાંડવો બહુ સંપીલા હતા. ભીમની પાસે ગદા હતી. અર્જુન પાસે ધનુષ્ય હતું.

| | |
|---|---|
| ૧. પાંડવો કેટલા ભાઈઓ હતા ? | **પાંચ** |
| ૨. પાંડવોની માતાનું નામ : | |
| ૩. પાંડવોના પિતાનું નામ : | |
| ૪. પાંડવો કેવા હતા ? | |
| ૫. ભીમ પાસે શું હતું ? | |
| ૬. કોની પાસે ધનુષ્ય હતું ? | |




શિક્ષકની સહી.........., તા.........

# એકમ-૧૯

૯


## લખો.

 = હસવું

 =

 =

 =

 =

 =


## જોડીએ.

| | |
|---|---|
| સવાર | ધોળું |
| હસવું | ડૂબવું |
| તરવું | વહેલું |
| મોડું | સાંજ |
| કાળું | રડવું |



શિક્ષકની સહી.........., તા.........

- ચિત્ર વિશે ચાર પાંચ વાક્યો લખો.



- (નો, ની, નું, ના)માંથી યોગ્ય શબ્દ લખો.

૧. ગાંધીજી નું નામ મોહનદાસ ગાંધી છે.

૨. મુંબઈ ____ હલવો વખણાય છે.

૩. શિવમ ____ પેન સારી છે.

૪. સાબર ____ પગ પાતળા છે.



શિક્ષકની સહી.........., તા.........

## એકમ-૧૯

૧૦

### સમાનાર્થી શબ્દ જોડીને બાજુમાં લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) | ધનુષ્ય | અજવાળું | ______ |
| ૨) | પ્રકાશ | મા | ______ |
| ૩) | બીક | બાણ | ______ |
| ૪) | માતા | નિશાળ | ______ |
| ૫) | શાળા | ડર | ______ |

### વિરુદ્ધાર્થી શબ્દો લખો.

૧) રડવું ______ ૨) માતા ______

૩) સાચું ______ ૪) સારું ______

૫) અંધારું ______

### ઉદાહરણ મુજબ લખો.

ઉદા. ભાઈ - ભાભી

૧. બકરી ______

૨. સિંહણ ______

૩. માસા ______

૪. મોર ______

૫. પત્ની ______



શિક્ષકની સહી.........., તા.........

## (નો, ની, નું, નાં) થી ખાલી જગ્યા પૂરો.

૧) વડોદરા ________ લીલો ચેવડો વખણાય છે.

૨) સાબર ________ શિંગડાં રૂપાળાં હોય છે.

૩) મારી બેન ________ નામ અમિષા છે.

૪) મનીષ ________ સ્લેટ સારી છે.



શિક્ષકની સહી.........., તા.........

● લખો.

હ, મ, વ, પ, ફુ → સ્તી

હસ્તી

● જોડાક્ષર શોધીને લખો.

આવી સ્થિતિમાં પણ સુરેશ ડગ્યો નહિ. તે ચિત્રો દોરતો. સ્ટુડિયોમાં બેસતો. ખૂબ કામ કરતો. પરિસ્થિતિ સુધરી. તે ફિલ્મો બનાવવા લાગ્યો.

ડગ્યો

● વાક્ય બનાવી લખો.

૧. રંગોળી :

૨. દિવાળી :

૩. ફટાકડા :


૪. દર્શન :

૫. પ્રણામ :



શિક્ષકની સહી.........., તા.........

## ચિત્રના આધારે ચાર-પાંચ વાક્યો લખો.



## નમૂના મુજબ શબ્દ બનાવી લખો.

| | | |
|---|---|---|
| માન | = | માનભેર |
| હોંશ | = | |
| ગૌરવ | = | |
| હર્ષ | = | |

## જોડો.

| | |
|---|---|
| નામ | ઉપહાસ |
| હાસ | ઉપસાગર |
| વન | ઉપનામ |
| સાગર | ઉપવન |

સૂચન :

## મીના

મીના રોજ સાઈકલ ચલાવી શાળાએ જતી હતી. તે નદી પરના પુલને સાઈકલથી પાર કરીને શાળાએ જતી હતી. એક દિવસ તેણે પુલ તૂટેલો જોયો. તે વિચારતી હતી કે નદી કેવી રીતે પાર કરી શકાય ? એટલામાં ત્યાં એક ફૂલ વેચવાવાળો આવ્યો. તેણે ફૂલવાળાને આ વાત કહી. ફૂલવાળા પાસે એક ટોપલી હતી. તે ખૂબ મોટી હતી. ફૂલવાળાએ મીનાને ટોપલીમાં બેસવા કહ્યું. મીના ટોપલીમાં બેસી ગઈ અને ફૂલવાળો ટોપલીને ધક્કો મારવા લાગ્યો. મીનાએ ટોપલીના સહારે નદી પાર કરી લીધી અને તે શાળાએ પહોંચી ગઈ.

## ચાલો, હસીએ

મમ્મી : બેટા બહાર મહેમાન આવ્યા છે એમને ખાવાનું પૂછતો આવ !

ગટ્ટુ : તમે જમીને આવ્યા છો કે ઘરે જઈને જમશો ?

---

મમ્મી : હવે ઊઠ ગટ્ટુ. હું ચા બનાવું છું.

ગટ્ટુ : તું તારે બનાવને મમ્મી. હું ક્યાં તપેલીમાં સૂતો છું ?

---

ગટ્ટુ : પપ્પા, હું ટી.વી. જોઉં ?

પપ્પા : હા જો પણ ચાલુ ના કરતો.

ગટ્ટુ જમતાં-જમતાં અટકીને કંઈક વિચારતો હતો.

મમ્મી : શું થયું ગટ્ટુ ?

ગટ્ટુ : મમ્મી, હું એ વિચારું છું કે આ પૂરીને અડધી ખાઈ લઈએ પછી પણ તે પૂરી જ કહેવાય કે અડધી ?

## વાંદરો અને ખિસકોલી

એક વાંદરો ઝાડ પર બેઠો હતો. વાંદરાની પૂંછડી ખૂબ લાંબી હતી. એટલી લાંબી હતી કે જમીન સુધી લટકી રહી હતી. એક ખિસકોલી જમીન પર કૂદાકૂદ કરી રહી હતી. અચાનક તેને એક પૂંછડી દેખાઈ. તેણે વિચાર્યું – 'આ હીંચકો ક્યાંથી આવ્યો ?'' થોડી વાર પહેલાં તો નહોતો. તે પૂંછડી પર ચડીને ઝૂલવા લાગી. વાંદરાને ગલીપચી થઈ. તેણે નીચે જોયું અને હસીને બોલ્યો "ખિસકોલી બહેન ! આ તમે શું કરો છો ? મને ગલીપચી થાય છે.'' ખિસકોલી તો ચોંકી, "વાંદરાભાઈ, તમે છો ? હું તો પૂંછડીને હીંચકો સમજીને ઝૂલી રહી હતી. બહુ મજા આવતી હતી.'' ત્યારબાદ ખિસકોલી હસતાં હસતાં ઝાડની ડાળી પર ચઢી ગઈ.

**વાંચોઃ**

## લાલુ અને પીલુ

એક મરઘી હતી. મરઘીનાં બે બચ્ચાં હતાં. એકનું નામ લાલુ બીજાનું નામ પીલુ. લાલુ લાલ વસ્તુ ખાતું હતું. પીલુ પીળી વસ્તુ ખાતું હતું. એક દિવસ લાલુએ એક છોડ પર કંઈક લાલ લાલ જોયું. લાલુએ તેને ખાઈ લીધું. પણ એ તો લાલ મરચું હતું !

લાલુની જીભ પર બળતરા થવા લાગી. તે રડવા લાગ્યું. મરઘી દોડતી દોડતી આવી. પીલુ પણ ભાગ્યું. તે ગોળનો ટુકડો લઈ આવ્યું.

લાલુએ ઝડપથી ગોળ ખાધો. તેના મોંમાં બળતરા બંધ થઈ ગઈ. મરઘીએ લાલુ અને પીલુને પોતાના ખોળામાં લઈ લીધાં.

- **શું હોત ?**
  - કદાચ લાલુ અને પીલુને સફેદ અને લીલી ચીજ વસ્તુઓ પસંદ હોત તો તેમનાં નામ શું હોત ?
  - તો પછી તેઓ શું - શું ખાતા હોત ?
  - લાલ મરચું ખાતાં જ લાલુની જીભ પર બળતરા થવા લાગી. તમારી જીભ શું શું ખાવાથી બળે છે ?
  - જીભ પર બળતરા થાય ત્યારે તમે શું કરો છો ?
  - શું વધુ ગળ્યું હોય ?
  - શું તીખું હોય ?
  - શું ખાટું હોય ?

## વાંચોઃ

# ફૂલણજી દેડકો

એક કૂવામાં એક દેડકો, દેડકી અને તેમનાં બચ્ચાં રહેતાં હતાં. દેડકો ખૂબ જાડોપાડો ને વળી ખાઉધરો પણ ખૂબ. તે એમ જ માને કે મારા જેવું મોટું કોઈ છે જ નહિ. એક વાર દેડકાનાં બચ્ચાં કૂવાકાંઠે રમતાં હતાં. એટલામાં ત્યાંથી એક હાથી પસાર થયો. દેડકાનાં બચ્ચાં તો ગભરાયાં. 'ઓ બાપ રે ! આટલું મોટું પ્રાણી !' એ તો કૂદી પડ્યાં કૂવામાં ને દેડકા-દેડકીને કહેવા લાગ્યાં : 'મા-બાપુ ! અમે એક મોટું પ્રાણી જોયું. તે બહુ... બહુ મોટું હતું.' દેડકી કહે : 'હોઈ શકે.' પણ દેડકો કહે : 'ના, હોઈ જ ના શકે. સૌથી મોટો તો હું જ છું.'

પછી તેણે બચ્ચાંને પૂછ્યું : 'શું તેનું પેટ મારા જેવું હતું ?' એક બચ્ચું કહે : 'અરે બાપુ ! આનાથી તો ક્યાંયે મોટું.' એટલે દેડકાને લાગ્યું ખોટું. તે કહે : 'હવે તું જો કે મારું પેટ કેટલું મોટું છે.' કહી તેણે પેટને ખૂબ ફુલાવ્યું... ખૂબ ફુલાવ્યું. પછી પૂછ્યું : 'બોલ ! આનાથીયે મોટું હતું ?' એટલે બીજું બચ્ચું કહે : 'અરે બાપુ ! આનાથી તો ક્યાંયે મોટું.' દેડકાએ ફરી પેટ ફુલાવવા માંડ્યું. દેડકીને થઈ ચિંતા. તે કહે : 'હવે તમે જીદ છોડો. બહુ જીદ કરવા જશો તો પેટમાં દુઃખશે.' પણ દેડકો તો માન્યો જ નહીં. ને તેણે પેટ ફુલાવ્યે જ રાખ્યું, ફુલાવ્યે જ રાખ્યું. એટલું ફુલાવ્યું, એટલું ફુલાવ્યું કે છેવટે તેનું પેટ ફાટી ગયું.

વાંચોઃ

# મિત્રની મદદ

એક તળાવમાં કાચબો રહેતો હતો. તેને તળાવની નજીક ઝાડની બખોલમાં રહેતા શિયાળ સાથે દોસ્તી થઈ ગઈ. એક દિવસે તે બન્ને તળાવના કાંઠે વાતો કરતાં હતાં. એવામાં ત્યાં એક દીપડો આવી ચડ્યો. જેથી બન્ને પોત-પોતાના ઘરની બાજુ જીવ બચાવવા ભાગ્યાં. શિયાળ તો ઝડપથી ભાગીને ઝાડની બખોલમાં ઘુસી ગયું, પણ કાચબાથી તેની ધીમી ચાલના કારણે તળાવ સુધી પહોંચી શકાયું નહીં.

દીપડો એક જ છલાંગમાં કાચબા સુધી પહોંચી ગયો. કાચબાને ક્યાંય છુપાવાનો પણ મોકો ના મળ્યો. દીપડો કાચબાને મોંથી પકડી ખાવા માટે ઝાડ નીચે લઈ ગયો, પરંતુ દીપડાએ દાંત અને નખનું પૂરું જોર લગાવવા છતાં કાચબાના શરીરની સખત ખાલ પર સહેજ પણ આંચ ના આવી. શિયાળ બખોલમાંથી આ બધું જોતું હતું.


શિયાળે કાચબાને બચાવવાની યુક્તિ વિચારી. તેણે બખોલમાંથી બહાર ડોકિયું કરી જોયું અને ચતુરાઈ સાથે બોલ્યું - દીપડાજી, કાચબાની આ સખત ખાલ તોડવાનો હું તમને ઉપાય બતાવું ? તેને પાણીમાં ફેંકી દો. થોડી જ વારમાં પાણીમાં રહેવાથી તેની સખત ખાલ નરમ થઈ જશે.

જો તમને યોગ્ય લાગે તો અજમાવી જુઓ. દીપડાએ કહ્યું - ઠીક છે, જોઉં ત્યારે ! આમ કહી તેણે કાચબાને પાણીમાં ફેંકી દીધો. બસ, પછી શું થાય, કાચબો પાણીમાં જતો રહ્યો !

# પ્રજ્ઞા

## વિષય : ગુજરાતી

(ધોરણ ૨)



# ગુજરાતી સ્વઅધ્યયનપોથી

# ધોરણ ૨





ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૧૩૬ પાના." ૮૦ જી.એસ.એમ. મેપલીથો પેપર (પેપર મીલ : શાહ મીલ)
કવર પેજ - "૪ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૨૧૦ x ૨૮૦ એમ.એમ. બાઈન્ડીંગ : પરફેક્ટ બાઈન્ડીંગ (સાઈડ ટુ પીન)